


## સલામી સવારની..

*ઠંડીમાં સદાય નલિયાનો, ઊંચો પારો હોય છે,*
*ગરમીમાં ગભરામણ જેવો બફારો હોય છે,*
*હોય છે ઠઠારો કાયમ એનો રાજકારણમાં -*
*સમૃદ્ધિ સાથે વ્યસન, રંગીન સથવારો હોય છે!*
*(નલિયા 'છાપે' ચઢ્યું)*

હાઈકુ

*લ્યો! 'પનીર'માં,*
*આવી 'શક્તિ' બંડની -*
*'અમ્મા'ની આજ્ઞા!*
*('ધ્યાન'માં બેઠા)*

*થઈ ગ્યું શરૂ -*
*તામિલનાડુમાં યે -*
*લ્યો! જલીકટ્ટુ!*
*(આંખલા દોડ!)*

## ચિંતન

*બડે ભાગ પાઈબ સતસંગા,*
*બિનહિં પ્રયાસ હોહિ ભવ ભંગા*

ઉપરોક્ત સાખી રામાયણમાંથી લેવામાં આવેલ છે.

મહાન ભાગ્ય વડે સત્સંગ મળે છે કે જેથી વિના પ્રયાસે સંસારમાંથી છૂટી જવાય છે.

આગળના જન્મોનાં પુણ્યફળ અને સદ્-કાર્યના પરિણામ સ્વરુપ આપણા જન્મના ઘર-કુટુંબ-પરિવાર નિશ્ચિત થાય છે જેવાં કર્મ ફળ (સારાં કે માઠાં) ભોગવવાનાં હોય એવા જ ઘર-વાતાવરણમાં આપણને જન્મ લેવો પડે છે. જો પાપ કર્યો એકત્રિત કરવાનાં હોય તો કોઈ નેતા કે કોઈ ગેંગ લીડરને ત્યાં જન્મ મળે છે અને પાપકર્મોના ભાગીદાર ઈચ્છા-અનિચ્છાએ પણ થવું પડે છે.

પૂર્વજન્મના પુણ્યફળ બળે જ આપણને સારા સંસ્કારી - ધાર્મિકવૃત્તિવાળાં સજ્જન ઘરમાં જન્મ મળે છે અને બીજા જન્મો માટે 'સત્સંગ'નું ભાથું એકત્ર કરી શકાય છે; પણ સદ્ભાગ્ય હોય તો જ.

## સુવિચાર

- ફકત સાચી વાતને યોગ્ય સમયે રજૂ કરવી કળા નથી, પર સૌથી વધારે ઈચ્છા થવા છતાં ખોટી વાત રજૂ ન કરાવી તે સૌથી મોટી કળા છે - **જ્યોર્જ ઓરવેલ**
- સમજદારી એટલે કયારેક પોતાની વાત રજૂ કરવી અને કયારેક પોતાના કથન પર નિયંત્રણ રાખવું - **એસ. ભટ્ટાચાર્ય**
- એક આનાની વફાદારીની કિંમત સોળ આનાની ચાલાકી કરતાં વધારે હોય છે - **અખંડ આનંદ**
- વચન પૂનમમાં ચંદ્ર જેવાં હોય છે, તેને ઝડપથી પૂર્ણ કરવામાં ન આવે તો દિવસે દિવસે ક્ષીમ થતાં જાય છે - **જર્મન કહેવત**
- મૌન એક મલની જેમ ઘોંઘાટ કે અવાજના ઘા ભરવામાં મદદ કરે છે - **ફાધર વાલેસ**
- પોતાની છઠ્ઠી ઈન્દ્રિય પર ભરોસો કરો, કારણ કે તે એ હકીકતોમાંથી પેદા થાય છે, જે જાગ્રત મનની બરાબર નીચે જ દબાયેલી હોયે છે - **ડો. જીતેન્દ્ર અઢીયા**
- આજનું ઓષધ : સ્તનપાન કરાવતી માતા નાસપતિ, દ્રાક્ષ, ચીકુ ખાય તો તેને ધાવણ વધુ આવે છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

સાચી લગની અને કઠોર પરિશ્રમથી સફળતા મળે જ છે. ધૈર્ય-વિશ્વાસથી ધ્યેયને વળગી રહેવું જોઈએ.

એક બોપદેવ આશ્રમમાં રહી વિદ્યાભ્યાસ કરતો હતો પણ સંસ્કૃત ભણવામાં એનું જરા પણ ચિત્ત ન હતું. તેથી નિરક્ષર જેવો જ હતો. ગુરુજીએ ગુસ્સામાં આવી એકવાર તેને કહી દીધું - તું પથ્થર જેવો કઠોર છો તને કોઈ વિદ્યાની અસર થશે નહીં માટે આશ્રમ છોડી જા!

બોપદેવ નિરાસ થઈ એક કૂવાને કાંઠે બેઠો એની નજર ગરગડી પાસે મોટાં લાકડાં પપર પડી એમાં સ્ત્રીઓ એ પાણી ભરતાં રસ્સી-દોરીના આંકાના ઉંડા ખાડા પડી ગયા હતા.

બોપદેવના મનમાં વિચાર ઝબૂળ્યો આ અચેતન લાકડાં પર પણ ઘસારાની આટલી બધી અસર થઈ તો હું તો ચેતન છું મને કેમ વિદ્યા ન આવડે?

ગુરુજીની માફી માગી - મહેનત કરવાની ખાતરી આપી અને એ બોપદેવ ભવિષ્યમાં મોટા વ્યાકરણ શાસ્ત્રી તરીકે ખ્યાતિ પામ્યા.

# હાર્દિક પટેલ અને શિવસેનાનાં દિવાસ્વપ્નો


પાટીદાર આંદોલનના નેતા અને પ્રણેતાની ખ્યાતિ ધરાવતા યુવાનો પાટીદાર અગ્રણી હાર્દિક પટેલ એક યા બીજી રીતે મીડિયાનું આકર્ષણ બનતા રહ્યા છે. લાંબો 'દેશવટો' ભોગવી પાછા ફરેલા હાર્દિકને ગુજરાતના પાટીદારોએ ઠેર ઠેર ભારે ઉમળકાપૂર્વક આવકાર્યા તે એમની કૂટનીતિમાં રહેલી શ્રદ્ધાનું પ્રમાણ જ ગણાવું જોઈએ. ગુજરાત જેવા એક પક્ષીય રાજયમાં કોંગ્રેસ જેવો રાષ્ટ્રીય પક્ષ માંડ માંડ ટકી રહ્યો હોય તેવા સંજોગોમાં હાર્દિક જેવા ઓછા અનુભવી યુવા અગ્રણી પાછળ કે અલ્પેશજી જેવા જ્ઞાતિવાદી નેતા પાછળ ટોળાં ઉમટે છે તે આગામી સમયમાં સંભવિત રીતે બદલાઈ રહેલ રાજકારણની તાસીર છે. હાર્દિકની લડાઈ કેવા ખમતીધર નતાઓ સામે અને કેવા મોટાં માથાં વિરુદ્ધ છે તે હાર્દિક પોતે પણ સમજે છે અને એના ટેકેદારો પણ જાણે છે. હજી સુધી હાર્દિક પોતે કોઈ રાજકીય પાર્ટીનું સભ્યપદ ધારણ નથી કર્યુ કે નથી પોતે ચૂંટણી લડવાની જાહેરાત કરી. એ ક્ષણ પછી કયાં હશે અને કેવું નિવેદન કરશે, તે પણ કળવું મુશ્કેલ છે. જીએમડીસી ગ્રાઉન્ડની વિશાળ રેલીએ હાર્દિકને અનામત માગી રહેલ પાટીદારોની યુવા પેઢીનો હૃદયસમ્રાટ બનાવી દીધો હતો અને એની અસરમાં આવી ગયેલ પાટીદાર સમાજને લોભાણમાં પૅકેજમાં આપવાથી માંડી રાજયસ્તરે તથા કેન્દ્ર સ્તરે મહત્ત્વનાં પદોની લહાણી કરાયા છતાં 'હાર્દિક ઈફેકટ' ભૂંસાઈ નથી, તે કબૂલવું જ રહ્યું. સામે અલ્પેશજી ઠાકોરે પોતાની બક્ષી જાતિઓ - ઓબીસી સમાજને મળેલ અનામતમાં જરા સરખો ઘસરકો પાટીદારોની માગણીઓ નિમિત્તે ન પડે એ માટે ગુજરાતભરના ઠાકોર સમાજને દારૂ જેવાં વ્યસન છોડાવવાનો આદર્શ આગળ ધરીને નવાો રક્ષણાત્મક મોરચો ખોલી દીધો છે. વસતિની દૃષ્ટિએ ગુજરાતમાં ઠાકોર સમાજ સૌથી મોખરે હોઈ ૨૦૧૭-ાી

**તંત્રીસ્થાનેથી...**

વિધાનસભાની ચૂંટણી પછી ગુજરાતનો મુખ્યમંત્રી ઠાકોર જ હશે, એવી હાકલ લાંબી અસર પહોંચાડી શકે છે. પાટીદાર અને ઠાકોર સમાજના આ બે યુવા નેતાઓ કયારેક એકમેકની વિરુદ્ધ નથી બોલ્યા તે સૂચક છે. દલિતોના પ્રશ્ને આંદોલન ઊભું કરનાર જિજ્ઞેશ મેવાણી સુવિશેષ પરિપકવતા સાથે ધીમી ગતિએ આગળ વધી રહ્યા છે. આગામી દિવસોમાં પ્રજાકીય તેમજ રાજકીય વર્તુળોમાં આ યુવા ત્રિપુટનો કેવો અને કેટલો પ્રભાવ રહેશે, તે જોવું રસપ્રદ બની રહેશે. દરમિયાન હાર્દિક પટેલે અગાઉ કેજરીવાલ સાથે મુલાકાત કરેલી એમ તાજેતરમાં શિવસેના સુપ્રિમો ઉદ્ધવ ઠાકરે સાથે મુલાકાત કરીને એમની નેતાગીરીને નવો ઘાટ આપ્યો છે. હાર્દિક ગુજરાતી વિસ્તારોમાં શિવસેનાના ઉમેદવારો માટે પ્રચાર કરી મુંબઈ મહાનગરપાલિકામાં કેટલી અસર પહોંચાડી શકશે તે કહેવું અઘરું અને કસમયનું છે, પરંતુ ઉદ્ધવ ઠાકરે ને તો હાર્દિકમાં શિવસેનાનો ગુજરાતી ચહેરો દેખાવા લાગ્યો છે. ભાજપ અને સવિશેષ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે ઉદ્ધવ ઠાકરેને ઘણા વાંધાવચકા છે. તેથી મહારાષ્ટ્ર સરકારમાં ભાગીદારી કરેલ હોવા છતાં તેમજ કેન્દ્રમાં પણ શિવસેનાના મંત્રીઓ હોવા છતાં મુંબઈ મનપાની ચૂંટણીમાં શિવસેનાએ ભાજપ સાથે ગઠબંધન નથી કર્યું. એકલે હાથે મુંબઈ મહાનગરપાલિકા કબજે કરવા મથતા ઉદ્ધવ ઠાકરેને મુંબઈના ગુજરાતીઓ - સવિશેષ પાટીદાર યુવાનોને આકર્ષી શકે એવા સેલિબ્રિટી ચહેરાની તલાશ હતી, જે હાર્દિક સ્વરુપે ફળી છે. એથી ઉત્સાહમાં આવી જઈને ઉદ્ધવ ઠાકરેએ ૨૦૧૭ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં હાર્દિકને શિવસેનાના ચહેરા તરીકે પ્રોજેકટ કરવાની જાહેરાત કરી દીધી તે હાર્દિકના પાટીદાર આંદોલનને વિપરીત અસર કરી શકે છે. હાર્દિકે તાબડતોબ ખુલાસો પણ કર્યો છે, છતાં એના રાજકીય પ્રત્યાઘાતો તો પડીને જ રહેશે.

# દરિદ્રતાને બાળવાનો ઉપચાર

દરિદ્રતા આદિકાળથી ચાલી આવતી સનાતન સમસ્યા છે. એનો ઉપાય ઋષિ વસિષ્ઠે શિવ ઉપાસનામાં જોયો છે. એમને એક નાનકડી સ્તુતિની રચના કરી છે - દરિદ્રતાનું દહન કરનારું શિવનું સ્તોત્ર. 'દારિદ્ર-દહન-શિવ-સ્તોત્ર.'



નવમા શ્લોકમાં ફળપાઠ છે - 'આ સ્તોત્રની રચના વસિષ્ઠે કરી છે. તેમાં બધા રોગોનું નિવારણ છે. તે ઝડપથી બધી સંપત્તિ અપાવે છે. તેનાથી પુત્ર અને પૌત્રોનાં કલ્યાણમાં વધારો થાય છે. સવાર-બપોર-સાંજ આનો નિયમિત પાઠ કર્યો હોય તો મૃત્યુ પછી સ્વર્ગ પણ અપાવી શકે છે.'

બાકીના આઠ શ્લોકની રૂપરચના એક સરખી છે. (૧) દરેકમાં ચોથું ચરણ ધ્રુવપંક્તિ છે - એક સરખું છે - દારિદ્ર દુઃખ દહનાય નમઃ શિવાય. દરિદ્રતાનાં દુઃખને બાળી નાખનારા શિવને પ્રણામ. (૨) દરેક શ્લોકમાં બાકીના ત્રણ ત્રણ ચરણોમાં શિવનાં વિશેષણો છે. આ રીતે આમાં કુલ ૪૯ વિશેષણો છે - એમની ૪૯ વિશેષતાઓ છે.

(૧) તે વિશ્વના ઈશ્વર છે. તે નરકના સમુદ્રને પણ પાર કરાવી આપે છે. એમનું નામ શ્રવણ મધુર છે. તે મસ્તકે ચંદ્રને ધારણ કરે છે. એમના દેહની કાંતિ કપૂર જેવી ઉજ્જવળ છે. એ જટાને ધારણ કરનારા છે.

(૨) એ પાર્વતીને પ્રિય છે. એને પાર્વતી પ્રિય છે. એ ચંદ્રની બીજી કળા - બીજ ને ધારણ કરે છે. એ કાળના પણ કાળ છે - મહાકાળ છે. એ હાથમાં સર્પરાજને કંકણ તરીકે પહેરે છે. એમને મસ્તકે ગંગાને ધારણ કરેલી છે. એમને ગજાસુરને કચડી નાખ્યો છે.

(૩) એને ભક્તો પ્રિય છે. ભક્તોની ભક્તિથી એ પ્રસન્ન રહે છે. ભક્તોને એ પ્રિય છે. તે જીવનમાં રોગ, ભય વગેરે આપત્તિને દૂર કરી આપે છે. તે જરુર પડ્યે, ઉગ્ર થઈ શકે છે. સંસારનો સાગર તરવો મુશ્કેલ છે. પરંતુ એ પાર કરાવી આપે છે. એ પોતે જયોત સ્વરુપ છે. એ સરસ નૃત્ય કરે છે એ પણ કલ્યાણકારક અને ગુણવાન છે.

(૪) એ ચર્મનાં વસ્ત્ર પહેરે છે. એ શરીરે શવની ભસ્મનું વિલેપન કરે છે. એમને કપાળે ત્રીજુ નેત્ર છે. એ કાને મણિના કુંડળથી શોભે છે. એનાં બંને ચરણોમાં રણકતા ઝાંઝર છે. એ જટાને ધારણ કરે છે. (૫) કોઈક વાર તે પંચમુખ પણ હોય છે. સર્પરાજ એનું આભૂષણ છે. સુવર્ણના જેવી એની દેહકાન્તિ છે. એ ત્રણેય લોકને શોભાવે છે. એ આનંદની સ્થિતિનું વરદાન આપી શકે છે.એ પોતે તપસ્વી છે. (૬) એ સૂર્યને પ્રિય છે એને સૂર્ય પ્રિય છે. સંસારના સાગરને એ પાર કરાવી શકે છે. એ કાળના પણ કાળ - મહાકાળ છે. કમળ ઉપર બીરાજેલા બ્રહ્મા પણ એની પૂજા કરે છે. એને ત્રણ નેત્રો છે. સામુદ્રિક શાસ્ત્રમાં બતાવ્યાં છે, એવાં શુભ લક્ષણો વાળાં એમનાં અંગો છે.




(૭) એ શ્રીરામને પ્રિય છે. એને શ્રીરામ પ્રિય છે. એમને શ્રીરામને વરદાન આપેલા છે. એ સર્પને પ્રિય છે. એને સર્પ પ્રિય છે. એ નરકના સમુદ્રને પાર કરાવી આપે છે. પવિત્ર પુરુષોમાં એ પુણ્યકર્મો ભરી આપે છે. દેવો પણ એની પૂજા કરે છે, એ મહાદેવ છે.

(૮) સંસારથી જેઓ મુક્ત રહી શકે છે, એમના એ ઈશ્વર છે. એ ફળ આપનારા છે. એ ગણોના સ્વામી છે. એમને ગીતસંગીત પ્રિય છે. એનું વાહન ઉત્તમ વૃષભ છે. એ ગજચર્મનું વસ્ત્રધારણ કરે છે. એ મહાન ઈશ્વર છે.

એક રીતે નાનકડું સ્ત્રોત શિવના સમગ્ર વ્યક્તિત્વને, વિશેષણોનાં માધ્યમથી સુપેરે પ્રગટ કરી આપે છે. કાવ્યકલાની દૃષ્ટિએ પણ આ એક સુરેખ કલાકૃતિ છે. આમાં સળંગ અનુપ્રાસ અને લય છે; છંદ પણ અનુરુપ છે. તેથી આ સ્ત્રોત સુગેય પણ છે.

# નરસિંહ મહેતા પુરસ્કાર વિજેતા પ્રથમ ગુજરાતી કવિ કોણ છે ?




## ગુજરાતી સાહિત્ય

(૧) મૂર્તિદેવી પુરસ્કાર મેળવનાર પ્રથમ ગુજરાતી સાહિત્યકાર કોણ છે ?
(અ) મનુભાઈ પંચોળી 'દર્શક' (બ) રઘુવીર ચૌધરી
(ક) રાજેન્દ્ર શાહ (ડ) રમેશ પારેખ

(૨) નરસિંહ મહેતા પુરસ્કાર વિજેતા પ્રથમ ગુજરાતી કવિ કોણ છે ?
(અ) સુંદરમ્ (બ) ઉમાશંકર જોશી
(ક) રાજેન્દ્ર શાહ (ડ) ચંદ્રકાન્ત શેઠ

(૩) 'પિયરનો પડોશી' નાટકના સર્જક કોણ છે ?
(અ) કુન્દનિકા કાપડિયા (બ) પુષ્કર ચંદરવાકર
(ક) બટુભાઈ ઉમરવાડિયા (ડ) ચીનુ મોદી

(૪) ગુજરાતી ભાષાને 'ગુર્જર ભાષા' એવી સંજ્ઞાથી ઓળખનાર મધ્યકાલિન કવિ કોણ છે ?
(અ) ભાલણ (બ) નરસિંહ મહેતા
(ક) અખો (ડ) પ્રીતમદાસ

(૫) 'વિશ્વ ગીતા' નાટકના સર્જક કોણ છે ?
(અ) ક.મા. મુનશી (બ) બાલમુકુંદ દવે
(ક) ફાધર વાલેસ (ડ) ન્હાનાલાલ

(૬) 'કાવ્ય ગોષ્ઠિ' સંસ્થાના સ્થાપક પ્રમુખ કોણ હતા ?
(અ) કવિ સુંદરમ્ (બ) ક.મા. મુનશી
(ક) જયંત પાઠક (ડ) રમેશ પારખે

(૭) 'જન કલ્યાણ' માસિક સાથે કયા સંતનું નામ જોડાયેલ છે ?
(અ) પુનિત મહારાજ (બ) મોરારી બાપુ
(ક) ડાંગરેજી (ડ) બાબા આનંદ

(૮) ઓડીસ્યૂસનું હલેસું' ના કવિ કોણ છે ?
(અ) અનિલ જોશી (બ) રાવજી પટેલ
(ક) લાભશંકર ઠાકર (ડ) સિતાંશુ યશચંદ્ર

(૯) 'સૌરાષ્ટ્ર'નામનું સમાચાર પત્ર કોણે શરુ કર્યુ હતું?
(અ) શાંતિલાલ શાહ (બ) અમૃતલાલ શેઠ
(ક) નગીનદાસ કોટક (ડ) ચીમનભાઈ પટેલ

(૧૦) મધ્યકાલીન કવિ નાકટ કયાંનો રહેવાસી હતો ?
(અ) વડોદરા (બ) કપડવંજ
(ક) નડીયાદ (ડ) સુરત

(૧૧) 'સાયલન્સ ઝોન' - નિબંધ સંગ્રહના લેખક કોણ છે?
(અ) રઘુવીર ચૌધરી (બ) ચીનુ મોદી
(ક) ગુણવંત શાહ (ડ) પ્રિયકાન્ત મહેતા

(૧૨) 'લક્ષ્મણની અગ્નિપરીક્ષા' નવલકથાના લેખક કોણ છે?
(અ) હરકિશન મહેતા (બ) જોસેફ મેકવાન
(ક) ગૌતમ શર્મા (ડ) જયંતિ દલાલ

(૧૩) નીચેનામાંથી કઈ રચના કાકાસાહેબ કાલેલકરની છે?
(અ) છાસ અને માખણ (બ) કુળકથાઓ
(ક) માનવીનો મેળો (ડ) જીવનનો આનંદ

(૧૪) 'સૂડા બહોતરી' નું સાહિત્ય સ્વરુપ શું છે ?
(અ) પદ્યવાર્તા (બ) નાટક
(ક) ગરબી (ડ) હાઈકૂ

(૧૫) 'કાન્હડદે પ્રબંધ' ને ગૂર્જર અપભ્રંશ તરીકે ઓળખાવે છે?
(અ) કવિ મકરંદ દવે (બ) નરસિંહ દિવેટીયા
(ક) નર્મદ (ડ) કૃષ્ણકાંત મદ્રાસી

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- **૧૧ ફેબ્રુઆરી ૧૮૪૭ : થોમસ આલ્વા એડીસન :** અમેરીકન સંશોધક. ૧,૦૯૩ જેટલી શોધો કરનાર. દુનિયાની પ્રથમ ઈન્ડસ્ટ્રીયલ રીસર્ચ લેબોરેટરી શરુ કરનાર
- **૧૧ ફેબ્રુઆરી ૧૮૩૯ : જે. વિલાર્ડ ગીબ્સ :** અમેરીકન ભૌતિકશાસ્ત્રી ફિઝિકલ કેમેસ્ટ્રીના સ્થાપક
- **૧૨ ફેબ્રુઆરી ૧૮૫૯ : એમીલ મેયરસન :** પોલીસ ફ્રેન્ચ કેમીસ્ટ અને ફિલોસોફર, વૈજ્ઞાનિક, વિચાર અને પ્રકૃતિ પર અભ્યાસ કરનાર
- **૧૨ ફેબ્રુઆરી ૧૮૫૦ : વિલિયમ મોરીસ ડેવીસ :** અમેરીકન જીઓલોજીસ્ટ. જીઓમોર્ફોલોજી એક અલગ ક્ષેત્ર તરીકે વિકસાવનાર
- **૧૩ ફેબ્રુઆરી ૧૮૫૧ : જી. બ્રાઉન ગુડ :** અમેરીકન જીઓલોજીસ્ટ. 'નેશનલ મ્યુઝિયમ ઓફ નેચરલ હિસ્ટ્રી' માટે મોટું કલેકશન કરનાર
- **૧૩ ફેબ્રુઆરી ૧૮૩૪ : હેનરીચ કારો :** જર્મન કેમીસ્ટ, ઈન્ડ્સ્ટ્રીયલ કેમિકલ પ્રોસેસ વિકસાવનાર.
- **૧૪ ફેબ્રુઆરી ૧૮૯૯ : આર્થર માઈકીલ :** ઈંગ્લીશ એસ્ટ્રોફીઝીસ્ટ અને કોસ્મોલોજીસ્ટ, કાયનેટીક-રીલેટીવીટી પર સંશોધન કરનાર
- **૧૪ ફેબ્રુઆરી ૧૮૭૮ : જુલીયસ ઓર્થર ન્યુવલેન્ડ :** બલ્ગેરીયન-અમેરીકન રસાયણ શાસ્ત્રી. એસીટીલીન રીએકશન પર સંશોધન કરનાર
- **૧૫ ફેબ્રુઆરી ૧૮૬૧ : અલ્ફ્રેડ નોર્થ વ્હાઈટ હેડ :** ઈંગ્લીશ ગણિતશાસ્ત્રી અને ફિલોસોફર
- **૧૫ ફેબ્રુઆરી ૧૮૫૮ : વિલિયમ હેનરી પિકીંગ :** અમેરીકન ખગોળશાસ્ત્રી 'ફોએલ'ના શોધક
- **૧૬ ફેબ્રુઆરી ૧૮૪૩ : હેનરી માર્ટીન લીલેન્ડ :** અમેરીકન સંશોધક. કેડીલેડ મોટરના ફાઉન્ડર
- **૧૬ ફેબ્રુઆરી ૧૮૩૪ : અર્નેસ્ટ હેકલ :** જર્મન પ્રકૃતિવિદ અને બાયોલોજીસ્ટ
- **૧૭ ફેબ્રુઆરી ૧૮૩૮ : ફેડરીક કોનાર્ડ બેઈસ સ્ટેઈન :** રશિયન કેમિસ્ટ 'આઈસોમેટીક બેન્ઝીન' વિષે સંશોધન કરનાર
- **૧૭ ફેબ્રુઆરી ૧૭૯૮ : ફેડરીક એડયુર્ડ :** જર્મન ફિલોસોફર અને સાયકોલોજીસ્ટ. 'ફિલોસોફીકલ ડીસીપ્લીન'ના સ્થાપક.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : ચૌધરી ચરણસિંહના પુત્ર અજિતસિંહ કઈ પાર્ટીના અધ્યક્ષ છે? જવાબ : RLD (રાષ્ટ્રીય લોક દલ)**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી
(૩) ધાર્મિક એસ. પટેલ : ધોળેશ્વર પાસે, ગાયત્રી રેસી.
(૪) નટુભાઈ દરજી : પેથાપુર
(૫) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**તામિલનાડુના કયા મુખ્યમંત્રીને હટાવી શશીકલા પોતે મુખ્યમંત્રી બનવા માંગે છે?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) અ (૨) ક (૩) બ (૪) અ (૫) ડ (૬) અ (૭) અ (૮) ડ (૯) બ
(૧૦) અ (૧૧) ક (૧૨) બ (૧૩) ડ (૧૪) અ (૧૫) બ

# લોહીના પ્રકાર કેટલા?

ભગવાને મનુષ્ય ને બધુજ બનાવા દીધું છે પણ આજના દિવસ સુધીમાં બ્લડ (લોહી) કોઈ પણ માઈનો લાલ બનાવી શક્યો નથી મતલબ કે લોહી કોઈ બનાવી શકતું નથી અને ક્યાય થી ટપકતું નથી,માટેજ લોહી એટલેકે રક્તદાન ખુબજ અગત્યનું બની જાય છે એક માનવીને બીજો માનવી પોતાનું રક્ત દાન કરીને બચાવી શકે છે લોહીની કોઈ કિંમત નથી હોતી કે કિંમત થઈ પણ ના શકે, છતાં પણ ગવર્મેન્ટ એપ્રુવ લાયસન્સ વાળી બ્લડ બેંકો શા માટે પૈસા લે છે? અરે ભાઈ લોહી તો રક્તદાનથી આવે છે. પણ આવેલ રક્તદાન ના લોહીમાં ગવર્મેન્ટે બતાવેલા લોહીના ટેસ્ટ કરવા ખુબજ જરૂરી છે લોહી ના ક્યાં ટેસ્ટ બ્લડબેક વાળા કરતા હોય છે ? અને શું આ ટેસ્ટ કરવા જરૂરી છે?

મંથરા બેનને રાજસ્થાનથી આવતા એક અકસ્માત નડ્યો.ખુબજ લોહી શરીરમાંથી વહી ગયું હતું ડોકટરે તાત્કાલિક લોહીની ૪ બોટલ ચઢાવા માટે કહ્યું લોહી ખુબ વહી જવાના કારણે તાત્કાલિક જ લોહી ચઢાવું પડે એવું હતું પણ ડોકટરે હિંમત કરીને ખાલી ૨ ગ્રુપ કરી ને એટલે કે દર્દી અને ડોનર બંનેના ગ્રુપ કરીને જે ગ્રુપ આવ્યું તેની ૪ બોટલો ચાર જુદા જુદા ડોનરમાંથી લઈને દર્દીને આપી દીધું મંથરા બેનની જીંદગી તો બચી ગયી પણ થોડા સમય એટલે એક વર્ષ પછી મંથરા બેનને અકસ્માત થયો ત્યારે PRE OPREATIV PROFILE કરાવ્યું ત્યારે ડોકટરે લોહી ટેસ્ટ કરાવ્યા લોહી ચઢાવ્યાની હિસ્ટ્રી હતી માટે HIV નો ટેસ્ટ કરાવ્યો અને બહુ દુખ સાથે મંથરા બેનને HIV પોઝીટીવ આવ્યો ડોકટરે કહ્યું આપડે હવે વ્યવસ્થિત HIV ANTIGEN અને ANTIBODY ,HIV VIRAL LOAD અને CD 4 ,CD 8 નો ટેસ્ટ કરાવડાવ્યો. બધામાં HIV VIRUS હોવાના અણસાર મળ્યા ડોકટરે કહ્યું કે લોહી ચઢાવ્યા પછી તમને આ HIV થયો છે મંથરા બેન બગડ્યા તેઓ એ કહ્યું લોહીની ૪ બોટલ મને આપવામાં આવી હતી અને લોહીનો કોઈ ટેસ્ટ કર્યો ન હતો એટલેજ મને **HIV** થયો. મંથરા બેન બોલ્યા તમે ગમે તેટલા પૈસા લઈ લો પણ મને HIVમાંથી મુક્ત કરો. મારા ઘરના ને ખબર પડશે તો ઘર માં અને સમાજ માં મને કોઈ બોલાવશે નહિ અને બધાજ મને ઘૃણાની નજરથી જોશે અને મારા લીધે મારા પતિને પણ HIV નું ઈન્ફેક્સન લાગ્યું હશે. ડોક્ટર આ લોહી એ તો મારું ઘર અને મારી જીંદગી રફે દફે કરી નાખી .ડોકટરે મંથરાબેનને શાંત પડતા કહ્યું મેં તમારા ડોક્ટર સાથે વાત કરી લીધી જેમને તમે લોહી ચઢાવ્યું હતું તેમણે કહ્યું રાજસ્થાનથી આવતા મંથરા બેનને અકસ્માત થયો હતો નજીકમાં કોઈ પણ બ્લડબેંક હતી નહિ અને લોહી ચઢાવું તાત્કાલિક હતું એટલે દર્દી ની જીવ બચાવવા માટે લોહીને દવા તરીકે ઉપયોગ કરી તાત્કાલિક મંથરા બેનને ચાર બોટલ લોહી ચઢાવ્યું હતું, હા લોહીનો કોઈજ ટેસ્ટ કર્યો નહતો સિવાય કે ગ્રુપ, બે ખરાબ વસ્તુ માંથી એક ખરાબ વસ્તુ મારે નક્કી કરવાની હતી એટલેકે લોહી ના ટેસ્ટ વગરનું લોહી ચઢાવવું કે મંથરા બેન ને મરવા દેવા. મંથરા બેન ની જીંદગી બચે એ વધારે યોગ્ય લાગ્યું એટલે મેં દવા તરીકે લોહી મંથરાબેન ને આપ્યું જીંદગી બચી ગયી પણ HIV પોઝિટીવ આવ્યો.




મિત્રો માટેજ લોહી ટેસ્ટ કરીને તૈયાર બોટલ રાખવી એ જરૂરી છે અને એવીજ બ્લડ બેંક માંથી લોહી લેવું જેને સરકારે લાયસન્સ આપ્યા છે અને એમાં HIV (AIDS),HBSAG (જોન્ડીસ વાઈરસ ), HCV (HEPETITIS C VIRUS), VDRL (ચેપી રોગ ),બ્લડ ગ્રુપ ,મેલેરિયા આ બધા ટેસ્ટ કરવા જરુરી જ છે આ ટેસ્ટમાં પણ જુદી જુદી પ્રકારની કીટ આવે છે આપડે HIV નોજ દાખલો લઈએ જેમાં ૩-૪ પ્રકાર ની રીતે HIV નો પરીક્ષણ થાય છે HIV પેપર ક્રોમેટોગ્રાફી અને સેકન્ડ જનરેશન ELISA જેની અસરકારકતા ઓછી હોય છે અસરકારકતા ઓછી એટલે શું ?એટલે કે આજે મને HIV નો ચેપ લાગ્યો કોઈ પણ કારણ સર (લોહીથી, લોહી ચઢાવ્યાથી, સેકસથી) તો ત્રણ મહિના પછી એટલે કે ૯૦ દિવસ પછી hiv નો ટેસ્ટ પોઝીટીવ આવે જ્યારે બીજા પ્રકાર ની કીટ ફોર્થ જનરેશન ELISA કે ઈલેકટ્રોકેમીલ્યુંમીનેસન જેનું ઈન્ક્યુબેસન ૧૨ દિવસ થઈ જાય છે એટલે કે આજે મને જો HIV નો ચેપ લાગ્યો હોય તો તેનો રીપોર્ટ ૧૨ માં દિવસે પોઝીટીવ બતાવે છે ,હવે ત્રીજા પ્રકાર ની જે પદ્ધતિ છે તેને PCR (પોલીમરેજ ચેઈન રીયેક્સન)જેની અસરકારકતા એવી છે કે મને આજે HIV નો ચેપ આજે લાગ્યો તો ૯૬ કલાક માં PCR ટેસ્ટ પરિણામ પોઝીટીવ આપી દે છે એટલેકે બધીજ બ્લડ બેંકો એ PCR થી રીપોર્ટ કરવા જોઈએ ને, માનવીની જીંદગીનો સવાલ છે પણ ભાઈ PCR માં સમય વધારે લાગે અને ખર્ચાળ છે, એક બોટલની કિંમત ૪ થી ૫ હજાર માં પડે માટે ઈલેકટ્રોકેમીલ્યુંમીનેસન વાડી પ્રોસેસ સારી અને સસ્તી છે આનો અર્થ એવો થાય કે સસ્તી જગ્યા એ સસ્તું લોહી મળતું હોય એ શંકાસ્પદ હોય ? ભાઈ હોઈ પણ શકે વધારે ધંધો કરવા માણસ અને ટ્રસ્ટો ગમે તે કરે એનો અર્થ એવો થાય જીંદગી ની કિંમત ઘણી શકાય એવી નથી માટે સારી જગ્યા એ થી (પૈસા વધારે હોય તો પણ) ત્યાંથી જ લોહીની બોટલ લેવી અને તમે લીધેલ લોહીના ટેસ્ટ બરાબર થયા છે કે નહિ તે ચકાસી લેવા.